BUSINESS મિત્ર Plus

# ઓક્ટોબરની શરૂઆત લાલ નિશાનમાં થઇ, હવે શેરબજારમાં બાઉન્સ બેક જોવા મળી શકે

ભારતીય શેરબજારમાં સતત આઠ સપ્તાહથી ઘટાડો ચાલી રહ્યો છે, બજારમાં ઓવરસોલ્ડ પોઝિશન ધરાવે છે. તેથી બાઉન્સબેકની અપેક્ષા રાખવામાં આવી રહી છે. બીજી તરફ, નિફ્ટી 22200 પોઇન્ટની સપાટી તોડશે તો વધુ મંદીના વમળમાં પ્રવેશી જશે. જેનાથી બજાર વધુ તુટી શકે છે.

વિતેલા સપ્તાહમાં શેરબજાર ઘટાડા સાથે બંધ રહ્યું હતું, આમ છતાં ભારતીય શેરબજારમાં સપ્તાહના અંતમાં તેજી માટેના સંકેતો મળી રહ્યા છે. ખાસ કરીને એચડીએફસી બેન્કમાં સીઈઓની જગ્યા ભરાઇ ગઇ છે અને બ્રોકરેજ હાઉસીસ દ્વારા બાય રેટિંગની સાથે લક્ષ્યાંક રૂ. 950નો કરી દીધો છે. જેના લીધે લાંબા સમયથી મંદીમાં ગરકાવ થયેલા એચડીએફસી બેન્કમાં બાઉન્સ બેક આવી શકે છે. ત્યારબાદ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં પણ કરન્ટ આવી શકે છે. રિલાયન્સ જિયો પ્લેટફોર્મનો આઈપીઓ લોન્ચ કરી રહ્યા છે, જે ઓક્ટોબર મહિનાના અંતમાં આવી શકે છે. આ મેગા આઈપીઓના લીધે રિલાયન્સમાં સુધારાની ચાલ જોવા મળી શકે છે. આમ, આ બંને કંપનીઓ ઈન્ડેક્સમાં વજન ધરાવે છે, જેથી આવનારા દિવસોમાં રિલાયન્સ અને એચડીએફસી બેન્કની આગેવાની હેઠળ બજારમાં સુધારાની ચાલ જોવા મળશે. જેમાં બેન્ક નિફ્ટી વધુ ઝડપી રીકવર થવાની સંભાવના જવાઇ રહી છે. પણ જો વૈશ્વિક સ્તરેથી કોઇ ખરાબ સમાચાર આવશે તો બજાર ફરીથી નીચે તરફ સરકતું જોવા મળી શકે છે.

આ સિવાય હજુય લાર્જકેપ શેરોની સરખામણીએ પસંદગીના મિડકેપ શેરો અને સ્મોલકેપ શેરોમાં વધુ આકર્ષણ જોવા મળી શકે છે. હાલમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં મુખ્ય ઈન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીની પાછળ ઘટાડો જોવા મળ્યો છે, પણ ઝડપી સુધારો પણ જોવા મળી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, 2026માં સેન્સેકસ અને નિફ્ટીમાં 14 ટકા જેટલો ઘટાડો થઇ ગયો છે, હવે તેમાં વધુ ઘટાડો થવાની સંભાવના નહીંવત દેખાઇ રહી છે.



**હેવીવેઇટ એચડીએફસી બેન્ક-રિલાયન્સ તેજીની આગેવાની લેશે**

બીજી તરફ, વિદેશી રોકાણકારોની સતત વેચવાલીથી શેરબજારમાં ચિંતા વધી છે. વણથંભી વેચવાલીથી બજારમાં હવે સ્થાનિક સંસ્થાકીય લેવાલી પણ ધીમી પડી રહી છે અને સતત ખરીદીથી થાકી ગયા છે. રિટેલ રોકાણકારો નિરાશ જોવા મળી રહ્યા છે. કેમ કે તેઓનો પોર્ટફોલિયો વધુને વધુ ઘટી રહ્યો છે, તેનાથી નવી ખરીદી થંભી ગઇ છે. આમ, ઓવરસોલ્ડ પોઝિશનને જોતાં અને તમામ સ્તરેથી નિરાશાને જોતાં બજારમાં યુ ટર્ન આવવાની સંભાવના સ્પષ્ટ દેખાય છે.

**માર્કેટ વોચ**

નિષ્ણાતોનું માનવું છે કે, બજાર હંમેશા લોકોના સેન્ટિમેન્ટ સાથે ચાલતું હોય છે, ત્યારે હાલની સ્થિતિ જોઇએ તો રોકાણકારો નિરસ અને બજારથી અળગા થતાં જોવા મળી રહ્યા છે. બજારના વોલ્યુમ ઉપરથી સ્પષ્ટ થઇ રહ્યું છે કે, વોલ્યુમમાં સતત ઘટાડો થતો જોવા મળી રહ્યો છે, જે દર્શાવે છે કે હવે નાના રોકાણકારો બજારથી વિમુખ થઇ રહ્યા છે, આ જ સમય છે કે બજારમાં સુધારો જોવા મળશે. જોકે, 2026માં સેન્સેકસ-નિફ્ટીમાં 14 ટકાના ઘટાડાને રીકવર થઇ શકે તે હાલની પોઝિશનમાં સંભવ નથી. જેનું મુખ્ય કારણ ક્રુડ ઓઇલના ભાવ છે. જો તે નિયંત્રિત થઇ જાય અને 100 ડોલર પ્રતિ બેરલની નીચે રહે તો ભારતીય અર્થતંત્ર પર નેગેટિવ અસર રહે નહી. જેનાથી બજારને બુસ્ટ મળી શકે છે. પણ ક્રુડ ઓઇલ 100 ડોલરની ઉપર રહેશે તો તે ભારતીય અર્થતંત્ર અને તેની પાછળ શેરબજાર માટે સારૂ રહેશે નહીં.

આ ઉપરાંત, જે રીતે વિદેશી રોકાણકારોમાં એઆઇની દોડ લાગી છે, તેમાં ભારત એઆઇમાં ઘણું પાછળ છે, તેથી આ દોડમાં ભારત રહી ગયાનો અનુભવ કરી રહ્યું છે. વિદેશી રોકાણકારોની વેચવાલીનું મુખ્ય કારણ એઆઇ અને તેને સંબંધિત પ્રોડક્ટસ છે. જેમાં વિદેશી રોકાણકારોનું ભારે રોકાણ થઇ રહ્યું છે.

# ભારતીય શેરબજારને વૈશ્વિક અનિશ્ચિતતાનું ગ્રહણ, મિડ-લાર્જકેપની અડધી કંપનીઓનુ વળતર શૂન્ય

ઇરાન-અમેરિકા અને ઇઝરાયેલ વચ્ચેના યુદ્ધની સૌથી વધુ અસર ભારતીય શેરબજાર ઉપર જોવા મળી છે. નાણાકીય વર્ષ 2026માં મોટા ભાગની કંપનીઓએ રોકાણકારોને વળતર આપવામાં નિષ્ફળ ગઇ છે. ખાસ કરીને મિડકેપ અને લાર્જકેપની અડધી કંપનીઓએ વળતર આપ્યું જ નથી. જ્યારે કેટલીક કંપનીઓની માર્કેટ કેપ તળિયે પહોંચી ગઇ છે, જેના લીધે રોકાણકારોની મુડીનું ધોવાણ થઇ જવા પામ્યું છે.

વૈશ્વિક અનિશ્ચિતતાના વાદળોની સૌથી વધુ અસર ભારત પર જોવા મળી છે. અન્ય દેશોમાં વધઘટ જોવા મળે છે, પણ રિટર્ન આપવામાં સફળ રહ્યા છે, જ્યારે ભારતીય શેરબજાર નેગેટિવ વળતર આપી રહી છે. એટલું જ નહીં, ભારતીય અર્થતંત્ર મજબૂત છે, ફુગાવો પણ બહુ ઉંચો નથી, નિયંત્રણમાં છે. જીડીપી દર પણ 7.8 ટકા પર પહોંચી ગયો છે, પણ ભારતીય શેરબજાર નવી નીચી સપાટી બનાવતી જોવા મળી રહી છે.

2026માં શેરબજારની નબળાઈની અસર માત્ર બેંચમાર્ક સૂચકાંકો સુધી મર્યાદિત નથી. 2026માં શેરબજારની નબળાઈની અસર મિડ અને લાર્જકેપ કંપનીઓ પર પણ જોવા મળી છે.

ઈન્ડેક્સની બહારની ઘણી કંપનીઓના શેરોએ પણ રોકાણકારોને મોટો ઝટકો આપ્યો છે. 1000 કરોડ કે તેથી વધુની માર્કેટ કેપ ધરાવતી અડધાથી વધુ મિડ ટુ લાર્જકેપ કંપનીઓ આ વર્ષે અત્યાર સુધી કોઇ વળતર આપી શકી નથી. આ વિશ્લેષણમાં છેલ્લા પાંચ વર્ષના વેલ્યુએશન ડેટા સાથે 1000 કરોડ રૂપિયા કે તેથી વધુની માર્કેટ કેપ ધરાવતી 920 કંપનીઓને આવરી લેવામાં આવી છે. જેમાંથી 466 કંપનીઓ એટલે કે 51 ટકા કંપનીઓનું આ વર્ષે અત્યાર સુધીમાં શૂન્ય કે તેનાથી ઓછું વળતર મળ્યું છે.

તીવ્ર ઘટાડાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે આઠ કંપનીઓએ માત્ર 9 મહિનામાં તેમના માર્કેટ કેપિટલાઈઝેશનનો અડધાથી વધુ ગુમાવ્યો છે.

**કરન્ટ-ટોપિક**

જેમાં રાજેશ એક્સપોર્ટ્સ, કેપીઆઈટી ટેક્નોલોજીસ, યુગ્રો કેપિટલ, જીઆરએમ ઓવરસીઝ, સીઈ ઈન્ફો સિસ્ટમ્સ, ફિનો પેમેન્ટ્સ બેંક, રામકી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કેઈસી ઈન્ટરનેશનલનો સમાવેશ થાય છે. આ કંપનીઓનું વેલ્યુએશન હવે



છેલ્લા પાંચ વર્ષની તેમની ઐતિહાસિક સરેરાશથી નીચે આવી ગયું છે. તે જ સમયે, આ વર્ષની શરૂઆતથી 132 કંપનીઓના શેરમાં 25 ટકા અથવા તેથી વધુ ઘટાડો થયો છે. એટલે કે દર સાતમાંથી એક કંપનીમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે.

શેરબજારમાં ઘટાડાના કારણોમાં

**મોટા ભાગની કંપનીઓના માર્કેટ કેપમાં ધોવાણ થયું, રોકાણકારોની મૂડીનું ધોવાણ, વિશ્વના અન્ય દેશોની સરખામણીએ ભારતનો જીડીપી મજબૂત, પણ શેરબજારમાં ધોવાણ**

માત્ર વૈશ્વિક અનિશ્ચિતતા નથી, પણ વિદેશી રોકાણકારોના વેચાણ છે. જેની શેરબજારના પ્રદર્શનને અસર પડી છે. ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાઓ વચ્ચે વિદેશી રોકાણકારો ભારતીય બજારમાંથી નાણાં ખેંચી લે છે. તેની સાથે સાથે એઆઈ સાથે જોડાયેલી તેજીનો લાભ ઉઠાવનારા થીમ્સ અને સેક્ટર્સ તરફ પણ રોકાણકારોનું વલણ વધ્યું છે.

ઈરાન-અમેરિકા સંઘર્ષ ચાલુ રહેવાથી ક્રુડ ઓઈલના ભાવમાં અસ્થિરતા વધી છે. તેની અસર ભારત જેવા દેશો પર પડે છે, જે તેમની ઊર્જાની જરૂરિયાતો માટે મોટા પ્રમાણમાં આયાત પર નિર્ભર છે. ક્રુડના ભાવમાં ફેરફાર ભારત માટે મહત્વપૂર્ણ છે કારણ કે દેશ મુખ્ય ચોખ્ખી ઉર્જા આયાતકાર છે.

વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ 2026ના પ્રથમ 9 મહિનામાં ભારતીય ઈક્વિટીમાંથી રૂ. 3.05 લાખ કરોડનું વેચાણ કર્યું છે. ખાસ વાત એ છે કે આ આંકડો છેલ્લા આખા વર્ષમાં 2.4 લાખ કરોડ રૂપિયાના વેચાણથી પણ વધુ છે. એટલે કે 2026ના માત્ર નવ મહિનામાં વિદેશી રોકાણકારોનું વેચાણ પાછલા વર્ષ કરતાં વધારે રહ્યું છે.

વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલ વચ્ચે ભારતીય શેરબજારમાં સતત વેચવાલીએ તૂટતો જોવા મળ્યો હતો. જેમાં શેરબજાર સતત આઠ સપ્તાહથી કડાકો બોલાઇ રહ્યો છે, તેનાથી રોકાણકારો ભયભીત દેખાઇ રહ્યા છે. ભારતીય શેરબજારમાં અવિરત ધોવાણનો દૌર થમવાનું નામ લઇ રહ્યો નથી.

છેલ્લા 25 વર્ષમાં શેરબજારમાં જોવા મળેલો મંદીનો સૌથી લાંબો ગાળો છે. આ ઐતિહાસિક મંદીના વાવાઝોડામાં રોકાણકારોના આશરે રૂ. 26 લાખ કરોડ હોમાઇ ગયા છે. ઉલ્લેખનીય છે કે, વર્તમાન કડાકાનો સમયગાળો વર્ષ 2020ના કોવિડ ક્રેશ અને 2008ની વૈશ્વિક આર્થિક મંદી કરતા પણ વધુ લાંબો સાબિત થયો છે.

છેલ્લા આઠ અઠવાડિયાની સતત મંદીમાં ભારતીય શેરબજારમાં તારાજીના આંકડા નીચે મુજબ છે. સેન્સેક્સ અને નિફ્ટી 8.7 ટકા એટલે કે 2149 પોઈન્ટ અને 8.4 ટકા એટલે કે 6590 પોઈન્ટ તૂટયો હતો. બીએસઈ લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ કેપ રૂ. 26 લાખ કોરડથી ઘટીને રૂ. 467 લાખ કરોડની નીચે સરકી ગઇ છે.

# બ્લ્યુ રિવોલ્યુશનને વીમાનું કવચ : મત્સ્ય રોગ સામે ખેડૂતોને જોખમ સામે આર્થિક સુરક્ષા અપાશે

દેશમાં જળચરઉછેર ક્ષેત્ર ઝડપથી વિસ્તરી રહ્યું છે ત્યારે તેની સાથે જોડાયેલા જોખમો પણ વધી રહ્યા છે. માછલી અને ઝીંગાના ઉછેરમાં રોગચાળો, પૂર, ચક્રવાત, પ્રદૂષણ, આબોહવાની અચાનક વધઘટ અને અન્ય કુદરતી આફતોને કારણે ખેડૂતોનું સમગ્ર ઉત્પાદન ચક્ર ખોરવાઈ શકે છે. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકારે જળચરઉછેર ખેડૂતોને નાણાકીય જોખમ સામે સુરક્ષા આપવા માટે પ્રધાનમંત્રી મત્સ્ય કિસાન સમૃદ્ધિ યોજના (PM-MKSSY) હેઠળ વીમા આધારિત વ્યવસ્થાને પ્રોત્સાહન આપ્યું છે.

યોજનાના આ ઘટકનો મુખ્ય હેતુ જળચરઉછેર વીમાને ખેડૂતો માટે વધુ પરવડે તેવો બનાવવાનો છે. એક પાક ચક્ર માટે વીમા પોલિસી ખરીદનાર પાત્ર ખેડૂતોને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) મારફતે વીમા પ્રીમિયમના 40 ટકા સુધીનું એક વખતનું નાણાકીય પ્રોત્સાહન આપવામાં આવે છે. આ વ્યવસ્થા રાષ્ટ્રીય મત્સ્યઉદ્યોગ ડિજિટલ પ્લેટફોર્મ (NFDP) મારફતે અમલમાં મૂકવામાં આવી રહી છે.

ભારતમાં મત્સ્યઉદ્યોગ ક્ષેત્રે



છેલ્લા એક દાયકામાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી છે. 2013-14માં દેશનું કુલ માછલી ઉત્પાદન 9.6 મિલિયન ટન હતું, જે 2024-25માં વધીને અંદાજે 19.8 મિલિયન ટન થયું છે. આ સમયગાળામાં આંતરિક માછલી

**રોગ, પૂર, ચક્રવાત અને આબોહવાની અનિશ્ચિતતા સામે 40 ટકા સુધી પ્રીમિયમ પ્રોત્સાહન આપવામાં આવશે, માછલી ઉત્પાદન 2024-25માં વધીને અંદાજે 19.8 મિલિયન ટન થયું**

ઉત્પાદન પણ 6.1 મિલિયન ટનથી વધીને 14.74 મિલિયન ટન થયું છે.

ભારત હવે વિશ્વના અગ્રણી માછલી ઉત્પાદક દેશોમાં સ્થાન ધરાવે છે. મીઠા પાણીની માછલી, ખારા પાણીના ઝીંગા, પાંજરામાં માછલી ઉછેર, બાયોફ્લોક, RAS અને અન્ય આધુનિક પદ્ધતિઓના વિસ્તરણથી જળચરઉછેરનું મહત્વ સતત વધી રહ્યું છે.

દેશ પાસે આશરે 1.95 લાખ કિલોમીટર લાંબી નદીઓ અને નહેરો, 3.15 મિલિયન હેક્ટર જળાશયો, 2.21 લાખ હેક્ટર તળાવો-ટાંકીઓ તથા 1.41 મિલિયન હેક્ટર ખારા પાણીના સંસાધનો છે. જોકે, આ સંભવિત વિસ્તાર પૈકી માત્ર આશરે 17 ટકા વિસ્તાર જ જળચરઉછેર માટે વિકસાવવામાં આવ્યો છે. એટલે ભવિષ્યમાં વૃદ્ધિની સંભાવના હજુ વિશાળ છે.

**બિઝનેસ વ્યૂ**

મત્સ્યઉદ્યોગ માત્ર સ્થાનિક ખાદ્ય સુરક્ષા પૂરતો મર્યાદિત નથી. ભારત વૈશ્વિક સીફૂડ બજારમાં પણ મહત્વનું સ્થાન ધરાવે છે. ફ્રોઝન ઝીંગા દેશની સીફૂડ નિકાસ આવકમાં આશરે 66 ટકા હિસ્સો ધરાવે છે. 2013-14માં ભારતની દરિયાઈ ઉત્પાદનોની નિકાસ આશરે 5.08 અબજ ડોલરની હતી, જે 2025-26માં વધીને અંદાજે 8.46 અબજ ડોલર થવાની ધારણા છે.

જોકે, નિકાસલક્ષી ઝીંગા ઉછેરમાં એક જ ઉત્પાદન ચક્ર નિષ્ફળ જાય તો ખેડૂતોને મોટું આર્થિક નુકસાન થઈ શકે છે. ખાસ કરીને નાના અને સીમાંત ખેડૂતો માટે આ નુકસાન દેવાના બોજમાં પરિવર્તિત થવાની શક્યતા રહે છે. તેથી વીમા કવચને જળચરઉછેરની જોખમ વ્યવસ્થાપન વ્યવસ્થાનો મહત્વનો હિસ્સો માનવામાં આવી રહ્યો છે.

PM-MKSSY હેઠળ તળાવ આધારિત જળચરઉછેર માટે વીમા પ્રીમિયમના 40 ટકા સુધીનું પ્રોત્સાહન આપવામાં આવે છે. આ પ્રોત્સાહન પાણીના ફેલાવાના વિસ્તારદીઠ મહત્તમ રૂ.25,000 પ્રતિ હેક્ટર છે. 4 હેક્ટર સુધીના વિસ્તાર માટે મહત્તમ 1 લાખ રૂપિયા સુધીનું પ્રોત્સાહન મળી શકે છે. એક હેક્ટરથી ઓછા વિસ્તાર માટે પ્રોત્સાહન પ્રમાણસર આપવામાં આવે છે.

પાંજરામાં ઉછેર, રિસર્ક્યુલેટિંગ એક્વાકલ્ચર સિસ્ટમ (RAS), બાયોફ્લોક, રેસવે તથા સમાન અદ્યતન પદ્ધતિઓ માટે પણ પ્રીમિયમના 40 ટકા સુધીનું પ્રોત્સાહન છે.

આ કેટેગરીમાં મહત્તમ પ્રોત્સાહન 1 લાખ રૂપિયા અને પાત્ર એકમનું મહત્તમ કદ 1,800 ઘન મીટર છે.અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા મહિલા લાભાર્થીઓને સામાન્ય પ્રોત્સાહન ઉપરાંત 10 ટકા વધારાનું પ્રોત્સાહન પણ આપવામાં આવે છે. વીમાકૃત જોખમની ઘટના બને ત્યારે લાભાર્થીએ તાત્કાલિક વીમા કંપનીને જાણ કરવાની રહે છે. જરૂરી દસ્તાવેજો રજૂ થયા બાદ વીમા કંપની નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે સર્વેયર અથવા નુકસાન મૂલ્યાંકનકારની નિમણૂક કરે છે. તેના અહેવાલના આધારે દાવાની પ્રક્રિયા આગળ વધે છે. ઝીંગા ઉછેરના દાવાની પતાવટની પ્રક્રિયા 30 દિવસની અંદર, જ્યારે અન્ય જળચરઉછેર પ્રવૃત્તિઓ માટે દાવાની પ્રક્રિયા 45 દિવસની અંદર પૂર્ણ કરવાનો ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો છે. દાવાની સ્થિતિ અંગેની માહિતી પણ વીમા કંપનીના પોર્ટલ મારફતે ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા છે.

હાલમાં ઓરિએન્ટલ ઈન્શ્યોરન્સ કંપની, એગ્રીકલ્ચર ઈન્શ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા, ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ અને યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ સહિતની ચાર સરકારી વીમા કંપનીઓ ઝીંગા, મીઠા પાણીની માછલી અને ઠંડા પાણીની પ્રજાતિઓ માટે વીમા કવચ આપી રહી છે. ખાનગી વીમા કંપનીઓને પણ આ ક્ષેત્ર સાથે જોડવાની પ્રક્રિયા ચાલી રહી છે. યોજનાના અમલીકરણમાં અત્યાર સુધીમાં 316 અરજીઓ પ્રાપ્ત થઈ છે, જેમાં કુલ 730.61 હેક્ટર વિસ્તાર આવરી લેવાયો છે. તેમાંથી 127 અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને 321.74 હેક્ટર વિસ્તાર ધરાવતા ખેડૂતોને લાભ મળ્યો છે. મત્સ્યઉદ્યોગ ક્ષેત્ર દેશમાં 30 મિલિયનથી વધુ લોકોને સીધી કે પરોક્ષ આજીવિકા આપે છે. તેમાં માછીમારો, જળચરઉછેર ખેડૂતો, વેપારીઓ, પ્રોસેસર્સ અને પરિવહન સાથે સંકળાયેલા લોકોનો સમાવેશ થાય છે. આથી જળચરઉછેરમાં જોખમ વ્યવસ્થાપન માત્ર વ્યક્તિગત ખેડૂતની સમસ્યા નથી, પરંતુ ગ્રામ્ય અર્થતંત્ર અને ખાદ્ય સુરક્ષા સાથે પણ જોડાયેલો મુદ્દો છે.

# તમારા મ્યુચ્યુઅલ ફંડમાં લખાયેલા ‘હાઇ રિસ્કનો ખરેખર અર્થ શું થાય તે તમે જાણો છો?

ઉચ્ચ જોખમ ધરાવતા મ્યુચ્યુઅલ ફંડ્સ એવી યોજનાઓ છે જે સેબીના રિસ્કોમીટર પર “ઉચ્ચ” અથવા “ખૂબ જ ઉચ્ચ” રેટિંગ ધરાવે છે, સામાન્ય રીતે તેમના ઇક્વિટી કેન્દ્રીકરણ, માર્કેટ-કેપ એક્સપોઝર અથવા સેક્ટર ફોકસને કારણે. સ્મોલ કેપ, મિડ કેપ અને સેક્ટરલ અથવા થીમેટિક ફંડ્સ જેવી શ્રેણીઓ સામાન્ય રીતે આ સેગમેન્ટમાં આવે છે. ઉચ્ચ જોખમ ઉચ્ચ વળતરની સંભાવના સાથે આવે છે, પરંતુ ટૂંકા ગાળાની અસ્થિરતા પણ તીવ્ર હોય છે, તેથી યોગ્યતા રોકાણકારના સમય ક્ષિતિજ, જોખમ લેવાની ક્ષમતા અને નાણાકીય લક્ષ્યો પર આધાર રાખે છે. મ્યુચ્યુઅલ ફંડ ફેક્ટશીટ ખોલો અને તમને રિસ્કોમીટર નામનો એક નાનો ગેજ મળશે, જેની સોય ઘણીવાર લાલ રંગમાં બેઠેલી હોય છે. પરંતુ જ્યારે લેબલ રોકાણકારોને જોખમ સમજવામાં મદદ કરવા માટે રચાયેલ છે, ત્યારે તે જરૂરી નથી કે તેમને જણાવે કે ફંડ કેટલું ઘટી શકે છે અથવા જોખમનું તે સ્તર તેમના નાણાકીય ધ્યેય માટે યોગ્ય છે કે નહીં. સત્ય એ છે કે બધા મ્યુચ્યુઅલ ફંડ્સમાં જોખમનું સ્તર સમાન હોતું નથી. જ્યારે કેટલીક યોજનાઓ પ્રમાણમાં સ્થિર વળતર આપવા માટે ડિઝાઇન કરવામાં આવી હોય છે, ત્યારે અન્ય યોજનાઓ બજારના એવા ભાગોમાં રોકાણ કરે છે જ્યાં તીવ્ર ઉતાર-ચઢાવનો અનુભવ થઈ શકે છે. આ જોખમને શું ચલાવે છે તે સમજવાથી તમને વધુ માહિતીપ્રદ રોકાણ નિર્ણયો લેવામાં મદદ મળે છે.

**ખૂબ જ ઊંચા જોખમનું લેબલ ધરાવતું મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારોને કહી શકતા નથી કે સ્કીમ ઐતિહાસિક રીતે કેટલી વધઘટમાં રહી છે અથવા બજારમાં મંદી દરમિયાન તે કેટલી ઝડપથી ઘટી છે. રિસ્કોમીટરની સાથે અસ્થિરતા અને મહત્તમ ઘટાડાને સમજવાથી રોકાણકારોને ભૂતકાળમાં ફંડ કેવી રીતે વર્ત્યું છે તેનું સ્પષ્ટ ચિત્ર મળી શકે છે**

નિષ્ણાતોના મતે રિસ્કોમીટર એ અભિપ્રાય નહીં પણ નિયમો-આધારિત માપ છે. જાન્યુઆરી 2021 થી, મ્યુચ્યુઅલ ફંડ્સને પોર્ટફોલિયોમાં રાખવામાં આવેલી સિક્યોરિટીઝના આધારે રિસ્કોમીટરની ગણતરી કરવાની જરૂર છે, અને દર મહિને મૂલ્યાંકન ફરીથી ગણતરી કરવામાં આવે છે. રિસ્કોમીટર પોર્ટફોલિયોમાં કંપનીઓનું કદ, તેમની અસ્થિરતા અને પ્રવાહિતા સહિતના પરિબળોને ધ્યાનમાં લે છે. સોની દ્વારા ટાંકવામાં આવેલી પદ્ધતિ અનુસાર, આ સ્કોર્સને સંયુક્ત રીતે 5 થી ઉપરના સરેરાશને “ખૂબ ઊંચા” જોખમ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. આના પરિણામે ખૂબ જ અલગ અલગ ઇક્વિટી ફંડ્સને સમાન જોખમ લેબલ મળી શકે છે.

આંકડા દર્શાવે છે કે ત્રણેય ફંડ્સ સમાન રિસ્કોમીટર લેબલ ધરાવતા હોવા છતાં, તેમની ઐતિહાસિક અસ્થિરતા અને સૌથી ખરાબ ઘટાડો અલગ હતા. તે દલીલ કરે છે કે રિસ્કોમીટર કોઈ ફંડ ઐતિહાસિક રીતે કેટલું ઘટી ગયું છે, પોર્ટફોલિયો એકાગ્રતા કે તેના હોલ્ડિંગ વચ્ચેના સહસંબંધનો સીધો સમાવેશ કરતું નથી. તે રોકાણકારને ક્યારે પૈસાની જરૂર પડી શકે છે તે પણ ધ્યાનમાં લેતું નથી. રોકાણ જોખમનું મૂલ્યાંકન કરતી વખતે આ તફાવત મહત્વપૂર્ણ હોઈ શકે છે. લાંબા ગાળાના ધ્યેય માટે બચત કરતા રોકાણકાર માટે કામચલાઉ ઘટાડાનો અર્થ નજીકના ગાળામાં પૈસા ઉપાડવાની અપેક્ષા રાખનારા રોકાણકાર માટે ખૂબ જ અલગ હોઈ શકે છે.

“ખૂબ જ ઊંચું” વર્ગીકરણ નિર્ધારિત પદ્ધતિ હેઠળ પોર્ટફોલિયોના જોખમ લાક્ષણિકતાઓનું વર્ણન કરે છે. તે સ્થાપિત કરતું નથી કે જોખમનું તે સ્તર વ્યક્તિગત રોકાણકાર માટે યોગ્ય છે કે નહીં. રોકાણકારો સમગ્ર જોખમ મૂલ્યાંકનને બદલે રિસ્કોમીટરનો ઉપયોગ શરૂઆતના બિંદુ તરીકે કરે છે. ત્યારબાદ રોકાણકારો ફંડની



ઐતિહાસિક અસ્થિરતા અને મહત્તમ ઘટાડાની તપાસ કરી શકે છે જેથી સમજી શકાય કે વિવિધ બજાર પરિસ્થિતિઓ દરમિયાન પોર્ટફોલિયો કેવી રીતે વર્ત્યો છે. તેથી, રિસ્કોમીટર પોર્ટફોલિયો જોખમનું એક પ્રમાણિત માપ પૂરું પાડે છે, પરંતુ રોકાણકારોને પરિણામોની સંભવિત શ્રેણી અને તે જોખમો તેમના રોકાણ ક્ષિતિજ સાથે સુસંગત છે કે કેમ તે સમજવા માટે લેબલથી આગળ જોવાની જરૂર પડી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડને શું વધારે જોખમી બનાવે છે અને તેમાં કયા પરિબળ ભાગ ભજવે છે?**

મ્યુચ્યુઅલ ફંડને સામાન્ય રીતે ઉચ્ચ જોખમ માનવામાં આવે છે જ્યારે તેના પોર્ટફોલિયોમાં બજારની ગતિવિધિઓને કારણે મૂલ્યમાં વધઘટ થવાની સંભાવના વધુ હોય છે. સૌથી સામાન્ય બાબત એ છે કે ઇક્વિટીમાં વધુ રોકાણ થાય છે. બજારની સ્થિતિના આધારે ઇક્વિટીના ભાવમાં વધઘટ થતી હોવાથી, મોટા ઇક્વિટી ફાળવણીવાળા ફંડ્સ સામાન્ય રીતે ડેટ-ઓરિએન્ટેડ ફંડ્સ કરતાં વધુ જોખમ ધરાવે છે. બીજું પરિબળ એ છે કે ફંડ કયા પ્રકારની કંપનીઓમાં રોકાણ કરે છે. નાની અથવા ઉભરતી કંપનીઓમાં રોકાણ કરતા ફંડ્સ સુસ્થાપિત વ્યવસાયોમાં રોકાણ કરતા ફંડ્સ કરતાં વધુ ભાવમાં ફેરફાર અનુભવી શકે છે. જ્યારે ફંડ કેન્દ્રિત રોકાણ વ્યૂહરચનાનું પાલન કરે છે ત્યારે જોખમ પણ વધી શકે છે.

ઉદાહરણ તરીકે, ક્ષેત્રીય અને થીમેટિક ફંડ્સ ચોક્કસ ક્ષેત્ર અથવા રોકાણ થીમ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જ્યારે આ રોકાણકારોને ચોક્કસ તકોમાં ભાગ લેવાની મંજૂરી આપે છે, તેનો અર્થ એ પણ થાય છે કે ફંડનું પ્રદર્શન તે ક્ષેત્ર અથવા થીમ વિશિષ્ટ પરિબળો સાથે ગાઢ રીતે જોડાયેલું છે જે તેને ચલાવે છે.

**રિસ્કોમીટર કેવી રીતે મદદ કરે છે?**

મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ સાથે સંકળાયેલા જોખમના સ્તરને સમજવામાં તમારી મદદ કરવા માટે, સેબીએ રિસ્કોમીટર રજૂ કર્યું છે. દરેક મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ એક રિસ્કોમીટર દર્શાવે છે જે જોખમનું સ્તર દર્શાવે છે, જે નીચાથી ખૂબ ઊંચા સુધીનું છે. રિસ્કોમીટર સ્કીમના પોર્ટફોલિયો, એસેટ એલોકેશન અને અંતર્ગત રોકાણો જેવા પરિબળો પર આધારિત છે. તેની સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે અને જો પોર્ટફોલિયો બદલાય તો તેમાં ફેરફાર થઈ શકે છે. સ્કીમનું મૂલ્યાંકન કરતી વખતે રિસ્કોમીટર ઉપયોગી શરૂઆત તરીકે કામ કરે છે. જો કે, નિર્ણય લેતા પહેલા તેને સ્કીમના રોકાણ ઉદ્દેશ્ય, પોર્ટફોલિયો વ્યૂહરચના અને રોકાણ ક્ષિતિજ સાથે ધ્યાનમાં લેવું જોઈએ.

**સ્મોલ કેપ ફંડ્સ કે મિડ કેપ ફંડ્સમાંથી કયા મ્યુચ્યુઅલ ફંડ્સને ઉચ્ચ જોખમી ગણવામાં આવે છે?**

જ્યારે રિસ્કોમીટર વ્યક્તિગત યોજનાના જોખમ સ્તરને પ્રતિબિંબિત કરે છે, ત્યારે ચોક્કસ મ્યુચ્યુઅલ ફંડ શ્રેણીઓ સામાન્ય રીતે તેમના રોકાણોની પ્રકૃતિને કારણે બજાર જોખમના ઊંચા સ્તર સાથે સંકળાયેલી હોય છે. સ્મોલ કેપ ફંડ્સ મુખ્યત્વે બજાર મૂડીકરણની દ્રષ્ટિએ 251મા અને તેનાથી આગળના ક્રમાંક ધરાવતી કંપનીઓમાં રોકાણ કરે છે. આ કંપનીઓમાં ઘણીવાર નોંધપાત્ર વૃદ્ધિની સંભાવના હોય છે, પરંતુ તેઓ મોટી કંપનીઓ કરતાં તીવ્ર ભાવ વધઘટનો અનુભવ પણ કરી શકે છે. પરિણામે, સ્મોલ કેપ ફંડ્સ વધુ અસ્થિર બની શકે છે, ખાસ કરીને ટૂંકા ગાળામાં. ઉદાહરણ તરીકે, SBI સ્મોલ કેપ ફંડ લાંબા ગાળાના મૂડી વિકાસ માટે મુખ્યત્વે સ્મોલ કેપ ઇક્વિટી શેરોની સારી રીતે વૈવિધ્યસભર બાસ્કેટમાં રોકાણ કરે છે, અને

**વેલ્થ ક્રિએશન**

શ્રેણી અનુસાર ખૂબ જ ઉચ્ચ જોખમ રેટિંગ ધરાવે છે. મિડ કેપ ફંડ્સ મુખ્યત્વે બજાર મૂડીકરણ દ્વારા 101મા અને 250મા ક્રમાંક ધરાવતી કંપનીઓમાં રોકાણ કરે છે. આ કંપનીઓ ઘણીવાર વૃદ્ધિના તબક્કામાં હોય છે અને લાંબા ગાળાના મૂડી મૂલ્યવૃદ્ધિની તકો પ્રદાન કરી શકે છે. જોકે, બદલાતી બજાર પરિસ્થિતિઓ દરમિયાન તેઓ લાર્જ-કેપ કંપનીઓ કરતાં વધુ અસ્થિર પણ હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, SBI મિડકેપ ફંડ લાંબા ગાળાના મૂડી વિકાસ માટે મુખ્યત્વે મિડકેપ ઇક્વિટી શેરોના વૈવિધ્યસભર બાસ્કેટમાં રોકાણ કરે છે, અને તેને ખૂબ જ ઊંચું જોખમ પણ રેટિંગ આપવામાં આવે છે.

**ક્ષેત્રીય અને વિષયોનું ભંડોળ**

વૈવિધ્યસભર ઇક્વિટી ફંડ્સથી વિપરીત, સેક્ટરલ અને થીમેટિક ફંડ્સ ચોક્કસ ક્ષેત્ર, ઉદ્યોગ અથવા રોકાણ થીમ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કારણ કે તેમના પોર્ટફોલિયો કેન્દ્રિત છે, આ ભંડોળનું પ્રદર્શન તેઓ જે ક્ષેત્રોમાં રોકાણ કરે છે તેના પ્રદર્શન સાથે ગાઢ રીતે જોડાયેલું છે. આ એકાગ્રતા વળતરની સંભાવના અને જોખમ બંનેમાં વધારો કરી શકે છે. ઉદાહરણ તરીકે, SBI હેલ્થકેર ઓપોર્ચ્યુનિટીઝ ફંડ તેની સંપત્તિના ઓછામાં ઓછા 80% ફાર્માસ્યુટિકલ અને હેલ્થકેર કંપનીઓમાં રોકાણ કરે છે, જ્યારે SBI PSU ફંડ મુખ્યત્વે જાહેર ક્ષેત્રના ઉપક્રમોના ઇક્વિટી શેરોમાં રોકાણ કરે છે. બંનેને ખૂબ ઊંચા જોખમ તરીકે રેટ કરવામાં આવ્યા છે કારણ કે એકાગ્રતા એ વ્યૂહરચનાનો સંપૂર્ણ મુદ્દો છે.

**શું વધારે જોખમ એટલે વધારે વળતર?**

સૌથી સામાન્ય ગેરસમજોમાંની એક એ છે કે ઉચ્ચ જોખમ ધરાવતું મ્યુચ્યુઅલ ફંડ આપમેળે વધુ વળતર ઉત્પન્ન કરશે. વાસ્તવમાં, જોખમ ફક્ત રોકાણના મૂલ્યમાં વધુ વધઘટની શક્યતાને પ્રતિબિંબિત કરે છે. જ્યારે ઇક્વિટી, સ્મોલ-કેપ કંપનીઓ અથવા ચોક્કસ ક્ષેત્રોમાં રોકાણ કરતા ફંડ્સમાં લાંબા ગાળાના વળતરની સંભાવના વધુ હોય છે, ત્યારે એવી કોઈ ખાતરી નથી કે તેઓ ઓછા જોખમવાળા ફંડ્સ કરતાં વધુ સારો દેખાવ કરશે. બજારની સ્થિતિ, પોર્ટફોલિયો રચના અને રોકાણનો સમયગાળો આ બધું વળતરને પ્રભાવિત કરે છે. ફક્ત વળતરનો પીછો કરવાને બદલે, તમારે પહેલા તમે જે જોખમ લઈ રહ્યા છો તેનું સ્વરૂપ સમજવું જોઈએ.